# -: પ્રેસનોટ :-

**(૧) પ્રથમ તબક્કો :** અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત વિજય ચાર રસ્તા મેટ્રો રેલ પી-૧૬૬ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૮૬૨, ૭૨.૫૪૮૮૬૭) થી પી-૧૬૭ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૬૯૪, ૭૨.૫૪૯૧૨૮) વિજય ચાર રસ્તાના મધ્ય ભાગ સુધીનો રસ્તો કોમર્સ છ રસ્તા તરફથી નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ જતા વાહનો માટે તથા દાદા સાહેબના પગલા ચાર રસ્તાથી કોમર્સ છ રસ્તા તથા નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ જતા વાહનો માટે તા.૧૫/૧/૨૦૧૯ થી તા.૩૦/૧/ ૨૦૧૯ દિન-૧૫ સુધી બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :** દાદા સાહેબના પગલા ચાર રસ્તા તરફથી નવરંગપુરા ફાયર સ્ટેશન તથા કોમર્સ છ રસ્તા તરફ જતા વાહનો વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સૌરભ ચાર રસ્તાથી યુ-ટર્ન લઇ પરત વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ તથા વિજય ચાર રસ્તાથી સીધા કોમર્સ છ રસ્તા તરફ જઇ શકશે તથા કોમર્સ છ રસ્તાથી આવતા વાહનો વિજય ચાર રસ્તાથી સીધા ઉપરોક્ત રુટ મુજબ નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ જઇ શકશે.

**(૨) બીજો તબક્કો** : વિજય ચાર રસ્તા મેટ્રો રેલ પી-૧૬૬ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૮૬૨, ૭૨.૫૪૮૮૬૭) થી પી-૧૬૮ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૫૩૨, ૭૨.૫૪૯૩૯૦) સુધી વિજય ચાર રસ્તાનો સંપુર્ણ રસ્તો બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૩૧/૧/૨૦૧૯ થી તા.૧૫/૨/૨૦૧૯ દિન-૧૫ સુધી બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

**(૧)** દાદા સાહેબના પગલા ચાર રસ્તાથી નવરંગપુરા ફાયર સ્ટેશન તથા કોમર્સ છ રસ્તા તરફ જતા વાહનો સૌરભ ચાર રસ્તાથી યુ ટર્ન લઇ વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ તથા વિજય ચાર રસ્તાથી સીધા કોમર્સ છ રસ્તા તરફ જઇ શકશે. તે જ રીતે કોમર્સ છ રસ્તા તરફથી આવતા વાહનો સૌરભ ચાર રસ્તાથી યુ-ટર્ન લઇ વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ નવરંગપુરા ફાયર સ્ટેશન તરફ જઇ શકશે.

**(૨)** સૌરભ ચાર રસ્તા તથા નારણપુરા ફાયર સ્ટેશન તરફથી આવતા વાહનો વિજય ચાર રસ્તાથી આગળ દાવતે ખાસ રેસ્ટોરંન્ટ સામે મેટ્રો રેલ પી-૧૭૧ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૨૧૦૮, ૭૨.૫૫૦૨૯૩) થી પી-૧૭૨ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૧૯૮૭, ૭૨.૫૫૦૪૫૪) વચ્ચેના ખુલ્લા રસ્તાથી યુ-ટર્ન લઇ વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ વળી દાદા સાહેબના પગલા ચાર રસ્તા તરફ તથા વિજય ચાર રસ્તાથી સીધા હેલ્મેટ ચાર રસ્તા તરફ જઇ શકાશે.

તેમજ ઉપરોક્ત સમગ્ર રોડ 'નો-વ્હીકલ પાર્કિંગ' ઝોન રહેશે.

મેટ્રો રેલ પ્રોજેક્ત અંતર્ગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૦/૧/૨૦૧૯**

**( જે.આર.મોથલીયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર